# હોબી સેન્ટર વર્ષોની તપસ્યાનું પરિણામ




સુરતમાં મશરૂમની માફક ઊગી નીકળેલી ઠેકઠેકાણે ચાલતી નર્સરીઓમાં સૌથી જૂનું અને જાણીતું નામ એટલે લીના ખાનસાહેબનું હોબી સેન્ટર. આ હોબી સેન્ટરની સફળતા એ લીના ખાનસાહેબની વર્ષોની તપસ્યાનું પરિણામ છે.

લીના સોનાવાળાનો જન્મ ૧૯૪૪ના રોજ સુરતમાં થયો હતો. તેમના પિતા તે સમયના સૌથી જૂના એને જાણીતા સોની હતા. બાલાજી ગર્લ્સ સ્કૂલમાં શરૂઆતનું શિક્ષણ મેળવ્યા બાદ તેમણે અર્થશાસ્ત્ર વિષય સાથે સુરતની જાણીતી એમ.ટી.બી. કોલેજમાં અભ્યાસ કર્યો. ભણવાની સાથે તેમને ડાન્સ સહિતની અન્ય એક્ટિવીટીમાં પણ રસ હતો. તેઓ અવરનવાર જુદી જુદી સંસ્થાઓમાં ભાગ લઇ પોતાની સ્કીલ ડેવલોપ કરતા. અર્થશાસ્ત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ કોલેજમાં લેક્ચરરની જોબ પણ મળી ગઇ. આ સમયે તેમને લાગ્યું કે એમ. ફીલ કર્યા સિવાય આ ક્ષેત્રમાં આગળ વધી શકાય તેમ નથી. તેમ છતાં પોતાની જર્ની ચાલુ રાખી.

લગ્ન બાદ લીના સોનાવાળાનો ખાનસાહેબ ફેમિલીમાં પ્રવેશ થયો. તેમના પતિ ઓટોમોબાઇલ એન્જિનિયરની સાથે મહેન્દ્ર જીપની ડિલરશીપ ધરાવતા હતા. ૧૯૭૩માં તેઓ સુરતની આદર્શ સોસાયટીમાં રહેવા ગયા. અહીં તેમણે જોયું કે સોસાયટીના મોટા મોટા બંગલાઓમાં રહેતા નાનાં નાનાં બાળકો કેટલું એકલાપણું અનુભવે છે. પહેલેથી જ બાળકો પ્રત્યે લગાવ હોવાથી તેમણે આ બાળકોને ભેગાં કરવાનું વિચાર્યું.શરૂઆત અલૂણાં ઉત્સવથી કરી જેની સફળતા બાદ જુદા જુદા વર્ગો ચાલુ કર્યા. ધીરે ધીરે બાળકોની સંખ્યા વધવા લાગી. બાળકોની સાથે વાલીઓ પણ આવવા લાગ્યાં. આમ લીના ખાનસાહેબના હોબી સેન્ટરનો પાયો નંખાયો. ૧૯૭૫માં એક કેન્દ્રના સ્વરૂપમાં આ હોબીસેન્ટર પ્રચલિત બન્યું જેનો ઉદ્દેશ્ય આસપાસનાં બાળકોને ભેગા કરી તેમને યોગ્ય અવસર પ્રદાન કરવાનો હતો. રમતાં રમતાં શીખો એ તેમનું લક્ષ્યાંક હતું.

> **હકીકતમાં વાલીઓ પોતાની માતૃભાષાની અવગણના કરી પોતાના જ બાળક સાથે અન્યાય કરે છે પરંતુ હું એમ પણ નથી કહેતી કે માતૃભાષામાં અપાયેલું શિક્ષણ જ શ્રેષ્ઠ છે**

લીના ખાનસાહેબે હોબીસેન્ટર સુધી પહોંચવા ખૂબ જ લાંબો પ્રવાસ ખેડ્યો છે. તેમણે શરૂઆતના દિવસોમાં ઘણા વ્યવસાયોમાં પોતાનું નસીબ અજમાવ્યું હતું. ૧૯૬૩માં ટાઇપિસ્ટ તરીકેની જોબ સ્વીકારી, બરફીવાળા કોલેજમાં લાઇબ્રેરિયન તરીકે કામ કર્યું. ત્યાર બાદ લેક્ચરર બન્યા અને તેમાં પણ આત્મસંતોષ ન થતાં અને બાળકો પ્રત્યેના લગાવે હોબી સેન્ટર ખોલવાનો વિચાર આવ્યો. પોતાના અનુભવોને વર્ણવતાં લીના ખાનસાહેબ જણાવે છે કે ,' પહેલા સુરતમાં નર્સરીની સંખ્યા ખૂબ જ ઓછી હતી. જ્યારે આજે લોકોએ તેને પણ બિઝનેસ બનાવી દેતા શેરીએ શેરીએ નર્સરીઓ કાર્યરત થઇ છે.' માત્ર અંગ્રેજી ભાષા તરફના વાલીઓના લગાવ અંગે લીના ખાનસાહેબ જણાવે છે કે, ' ખૂબ જ દુઃખ થાય છે જ્યારે વાલીઓ આવીને કહે છે કે અમારા બાળક સાથે માત્ર અંગ્રેજીમાં જ વાત કરો, તેને માત્ર અંગ્રેજી ભાષા જ શીખવો. હકીકતમાં તેઓ પોતાની માતૃભાષાની અવગણના કરી પોતાના જ બાળક સાથે અન્યાય કરે છે પરંતુ હું એમ પણ નથી કહેતી કે માતૃભાષામાં અપાયેલું શિક્ષણ જ શ્રેષ્ઠ છે. મારો કહેવાનો મતલબ એટલો છે કે બંને ભાષાઓનું બેલેન્સ હોવું જોઇએ. જેથી બાળક વધુ આગળ જઇ શકે. આજે બાળકો પર એટલું બધું દબાણ આપવામાં આવે છે કે તેઓ આત્મહત્યા તરફ આગળ વધી રહ્યા છે. તેમને અટકાવવા જોઇએ જે માટે વાલીઓએ પણ જાગૃત થવાની જરૂર છે.'

અત્યાર સુધી લીના ખાનસાહેબના હોબી સેન્ટરમાં બેથી અઢી હજાર જેટલાં બાળકો ભણી ચૂક્યાં છે. તેમને ત્રણ ત્રણ પેઢીઓને પોતાના હાથે ભણાવવાનો લાભ મળ્યો છે. આ વાતનું ગૌરવ લેતા તેઓ જણાવે છે કે, ' આજે ૭૫ વર્ષની ઉંમરે પણ હું મારું કાર્ય એટલા જ ઉત્સાહથી કરું છું. આ ઉંમરે પણ મને આરામની જરૂર લાગતી નથી. બાળકો સાથે હું પણ નાનું બાળક બની જાઉં છું.' હોબી સેન્ટર સિવાય લીના ખાનસાહેબ અન્ય પણ ઘણી બધી એક્ટિવીટીમાં જોડાયેલા રહે છે.

વધુ જાણવા QR સ્કેન કરો



I think that passion is the secret ingredient that drives hard work and excellence. - Kelly Ayotte